# ભલો સાધક

... વોલ્ટેર

ગંગા કીનારે હું ફરતો હતો. ભારતના આધ્યાત્મીક મહાનુભાવોનો સમાગમ કરવા હું આવ્યો હતો. આશ્રમોમાં ફર્યો, ત્યાંના સંતોમહંતોને મળ્યો; પહાડોમાં રખડ્યો. ગુફાઓમાં ધ્યાન ધરતા સાધુઓને મળ્યો. તેમની તીતીક્ષાથી હું પ્રભાવીત થયો. કોઈ અનંતની શોધમાં હતા, કોઈ આ વીશ્વની ઉત્પત્તીનો વીચાર કરતા હતા. કોઈ પોતાની જાતને ઓળખવા મથતા હતા. તેમની જ્ઞાનપીપાસા તીવ્ર હતી. પરંતુ, તેઓ જે શોધતા હતા તે કોઈને પણ મળ્યું ન હતું.

મારે સ્વદેશ ફરવાનું છેલ્લું અઠવાડીયું હતુ. ઝાઝી રઝળપાટ પછી ગંગાના કીનારે ઠંડી હવા, તેનો ઝટપટ વહી જતો જળરાશી અને કીનારા પરના વનનો આનંદ માણવાનું મને મન થયું. નદી કીનારે સરસ સ્થળની મેં શોધ આદરી. એક નાનું ગામ, તેની પાસે જ નદી કીનારે ટેકરી હતી. ટેકરી પર કોઈ સાધુએ ત્યજી દીધેલ ઝુંપડી હતી. જગ્યા મને ગમી ગઈ. તે ઝુંપડીમાં મેં ડેરો લગાવ્યો. ખાવાપીવાની બધી સામગ્રી મારી પાસે હતી, સાથે મારો ચાકર પણ હતો.

નદી કીનારે ધ્યાન લગાવી બેઠેલ એક સાધક ત્રણ દીવસથી મારા જોવામાં આવતો. સફેદ ધોતીયું, ખભે જનોઈ, તે સીવાય અંગ પર કશું વસ્ત્ર ન હતું. બપોર સુધી શાંતચીત્તે ધ્યાન ધરતો, પણ તે કોઈ સાધુ ન હતો. ભગવાં કપડાં પહેરેલા ઘણા સાધુઓ સાથે વાતચીત થઈ હતી, પણ ધ્યાન ધરતો ગૃહસ્થ પ્રથમ વાર નજરે ચડયો.

હું તેની પાસે ગયો. બપોર થઈ હતી. તે ધ્યાનમાંથી ઉઠ્યો. મેં નમસ્તે કર્યાં. તેણે પણ જવાબ વાળ્યો. તેણે મારા વીશે પુછપરછ કરી. મેં મારી બે માસના રઝળપાટની વાત કરી.

"રોજ ગંગાકીનારે શાની ખોજ કરો છો?" મેં પુછ્યું.

PDF created with pdfFactory trial version www.pdffactory.com

" મને થાય છે કે હું જનમ્યો જ ન હોત તો સારું!" તેણે વેદના ઠાલવી.
"એમ શા માટે?" મેં પુછ્યું.
તેણે જવાબ વાળ્યો, " ચાલીસ વર્ષ થયાં કશું સમજાતું નથી. આટલાં વર્ષો એળે ગયાં. આ શરીર તો દુન્યવી પદાર્થોનું બનેલું છે તે સમજાય છે. પણ વીચાર કેવી રીતે ઉત્પન્ન થાય છે તે સમજાતું નથી. ચાલવું કે પાચનક્રીયા જેવી તે સામાન્ય ભૌતીક ક્રીયા છે કે કેમ તેય મને સમજાતું નથી. મારા મસ્તીષ્કથી હું વીચારું છું. હાથથી કોઈ વસ્તુ પકડું તેવી જ એ કોઈ સ્વાભાવીક ક્રીયા છે કે કેમ તેનો પણ મને તાગ મળતો નથી. હું જ્ઞાનની વાતો તો ઘણી કરું છું પણ વાતો પુરી થયે હું જ ગુંચવાડામાં પડી જાઉં છું. હું જે બબડાટ કરી નાખું છું તેની મને શરમ આવે છે."
તે જ દીવસે તેમના પડોશમાં રહેતી એક અભણ વૃદ્ધા સાથે મારે વાતચીત થઈ. મેં તેને પુછ્યું, "તમારો આત્મા શાનો બનેલો છે તેની સમજ ન પડવાથી તમને કદી વીષાદ થયો છે? કદી દુખ થયું છે?"
મારી સામે તે તાકી રહી. હું શું પુછું છું તેની તેને સમજ ન પડી. જે વીષયો પર વીચાર કરી કરીને પેલો સાધક પોતાની જાતથી વાજ આવી ગયો હતો તે વીશે વૃદ્ધાને એક ક્ષણ વાર પણ વીચાર આવ્યો ન હતો! એના અંતરમાં પાકી શ્રદ્ધા હતી. ભગવાનના સૃષ્ટી નીર્માણમાં તે માનતી. ભગવાનને ચઢાવવા એક લોટી ગંગાજળ મળી જાય તો તે પોતાની જાતને સુખી સુખી માનતી.

આ વૃદ્ધાના સુખથી હું પ્રભાવીત થયો. તત્ત્વજ્ઞાનના કોયડા તોડવા મથતા પેલા સાધક પાસે હું ગયો. મેં તેને કહ્યું, " ભલા માણસ, તમારાથી પચાસ ડગલાં માંડ દુર રહેતી વૃદ્ધા કેવા સંતોષથી જીવે છે! કોઈ અદૃશ્ય શક્તીથી પરંપરાગત રીતે જીવતી

PDF created with pdfFactory trial version www.pdffactory.com

વૃદ્ધા- જેને કદી કશો વીચાર સતાવતો નથી! તેને જોઈને ય તમને દ્વીધામાં પડી, અંતરથી દુખી દુખી થવામાં ગ્લાની નથી થતી?"

તેણે કહ્યું, " ભાઈ, તમારી વાત સાચી છે. મારી જાતને મેં હજારવાર કોસી છે. મારી વૃદ્ધ પડોશણ જેટલો હું અજ્ઞાન હોત તો હું સુખી હોત. પરંતુ એવા સુખની મને કોઈ કામના નથી"

બે માસ હું ઘણે બધે રખડ્યો, પર્વતોમાં, જંગલોમાં, વસ્તીઓમાં, સાધુ-સંતોના અખાડાઓમાં; ઘણી વાતો કરી, ઘણું બધું સાંભળ્યું, પરંતુ આ ભલા સાધકે મને ખુબ જ પ્રભાવીત કર્યો. અણદીઠાની શોધ, અણજાણને જાણવાની તાલાવેલી, એ માણસ જાત માટે મોટામાં મોટું સાહસ છે અને વરદાન પણ છે.

**રુપાંતરઃ બળવંત પટેલ**

balvantpatel@icenet.in

**"સીટીપુકાર"** સાપ્તાહીક, **ગાંધીનગર**ના સૌજન્યથી; **"ઉંઝાજોડણી"**માં અને **"વીજયા-કલાપી"** ફોન્ટમાં ..પુનર્લેખનઃ **uttamgajjar@hotmail.com**

PDF created with pdfFactory trial version www.pdffactory.com